PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૬/કવા–૦૨/૧૬–૧૭/ ૮૬૬૯ તા. ૨૨/૦૯/૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
(૧) લક્ષ્મણજીવાભાઈ ઓડેદરા
(૨) લક્ષ્મણ ભીમાભાઈ ખુંટી
(૩) દેવાભાઈ કારાભાઈ ઓડેદરા,
ગામ: છત્રાવા,
તા.કુતીયાણા,
જી. પોરબંદર,
પીનકોડ–૩૬૨ ૬૫૦

વિષય :--ખેતીવાડી કનેકશન આપવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૯–૦૮–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૮૬/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૪.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ. પેટા વિભાગીય કચેરી, કુતીયાણા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



No: 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૮૬/કવા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૧–૦૯–૧૬ | સ્થળ :જુનાગઢ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

, અરજદાર (ફરીયાદી) : નામઃ (૧) લક્ષ્મણજીવાભાઈ ઓડેદરા (૨) લક્ષ્મણ ભીમાભાઈ ખુંટી (૩) દેવાભાઈ કારાભાઈ ઓડેદરા, ગામઃ છત્રાવા,

રજુઆત કરનાર : અરજદાર શ્રી લક્ષ્મણ જીવાભાઈ ઓડેદરા હાજર રહેલ હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કુતીયાણા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર)

રજુઆત કરનાર :એસ.આર.રાઠા, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર હાજર રહેલ હતા.

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી કનેકશન આપવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ અરજદાર શ્રી લક્ષ્મણ જીવાભાઈ ઓડેદરા એ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, તેઓ કુલ ૦૩, નવા ખેતીવાડી વીજ ગ્રાહકો ના, સામાન્ય યોજના હેઠળ ના, પ્રત્યેક ને જોડાણો મંજુર કરાયેલ એવા, મંજુરી ના ભાવપત્રકો પીજીવીસીએલ તરફથી રદબાતલ થયેલ હોવા વગેરે તમામ બાબતો, નીચે મુજબ ના મુદદાઓ પ્રમાણે, અરજદાર શ્રી એ ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | ફરીયાદી અરજદાર શ્રી લક્ષ્મણ જીવાભાઈ ઓડેદરા ને, અગાઉ તા.૧૭–૦૨–૧૧ ની, તેમના ગામઃ છત્રાવા ખાતે ના, ખેતીવાડી સર્વે નંબર : ૩૭૧ /૧ મા, નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ના, નવા ૦૫ હોપા ના, ખેતીવાડી વીજજોડાણ ની, અરજી, પીજીવીસીએલ તરફથી મંજુર કરાયેલ હતી. અને તેઓ શ્રી ને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કુતીયાણા તરફથી, તા.૧૯–૦૬–૧૫ ના રોજ, રૂ.૫,૯૩૫/– ની રકમ નુ ભાવપત્રક નં.:૪૦૭ અપાયેલ હતુ. આ ભાવપત્રક ની અંતીમ તા.૦૬–૦૭–૧૫ હતી. પરંતુ, તેઓ શ્રી એ, સરકાર શ્રી પાસેથી, ઓરીયા / ઘોરીયા ની મંજુરી માંગેલ હોય આ માંગણી, તાલુકા વિકાસ અધિકારી કચેરી ખાતે પડતર હોય, આવા કારણોસર તેઓ શ્રી એ, તેઓના મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ માટે ના, તા.૧૯–૦૬–૧૫ ના રોજ ના, ભાવપત્રક કે જેની સમયમર્યાદા તા.૦૬–૦૭–૧૫ રોજ પૂર્ણ થવામા હતી, તે અંતીમ તા. ૦૬--૦૭–૧૫ પહેલા, એટલેકે તા.૧૫–૦૬–૧૫ ના રોજ, સદર ભાવપત્રક ની સમયગાળા વધારવા ની, અરજદાર શ્રી એ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા લેખીત અરજી આપેલ હતી. સદર સમયમર્યાદા, જે તા.૦૨–૦૧–૧૬ સુધી પીજીવીસીએલ તરફથી વધારવામા આવેલ હતી. પરંતુ, સદર સમયમર્યાદા, પૂર્ણ થયા ની તેઓને, કોઈ લેખીત જાણકારી અપાયેલ ન હતી. પરંતુ, અરજદાર ના જણાવવા મુજબ, જે હેતુ માટે, એટલેકે – '' ઓરીયા / ઘોરીયા મંજુરી માટે'' તેઓ શ્રી એ, સદર ભાવપત્રક ની , ૦૬ માસ સુધી ની સમયમર્યાદા ની મંજુરી મેળવેલ હતી. તે'' ઓરીયા / ઘોરીયા મંજુરી માટે'' ની મંજુરી, તાલુકા વિકાસ અધિકારી શ્રી કુતીયાણા તરફથી, તેઓ શ્રી ને તા.૧૭–૦૨–૧૬ ના રોજ મળેલ હતી. એટલેકે, સદર ભાવપત્રક ની સમયમર્યાદા ની અંતીમ તા.૦૨–૦૧–૧૬ પછી ના, ૧૫ દિવસો બાદ, મળેલ હતી. અરજદાર શ્રી, અભણ ખેડુત હોય, સદર સમયમર્યાદા ની અંતીમ તા.૦૨–૦૧–૧૬ પહેલા, અરજદારો શ્રી ની વહીવટીય જાણકારી ના અભાવ ના કારણોસર, તેઓશ્રી એ, સદર ભાવપત્રક ની સમયમર્યાદા, અગાઉ મંજુર કરેલ ૦૬ માસ ની સમયમર્યાદા થી વિશેષ, સમયમર્યાદા ની લેખીત અરજી પીજીવીસીએલ મા રજુ થયેલ ન હોવાના કારણોસર, તેઓ શ્રી નુ, મુળ તા.૦૯–૦૬–૧૫ ના રોજ નુ ભાવપત્રક, જે પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી રદબાતલ થયેલ છે. જે હવે, ગ્રામ્ય વિસ્તાર ના, અભણ અને પીજીવીસીએલ ના નિયમો થી અજાણ એવા, અરજદાર શ્રી એ, સદર રદબાતલક કરાયેલ, ભાવપત્રક ને, ફરી એક વખત ન્યાયિક પ્રક્રીયા હેઠળ આવરી લઈ, અને ફરી એક વખત, નવેસર થી ભાવપત્રક આપવા, અથવા તો, તા.૦૨–૦૧–૧૬ ની અસરથી રદબાતલ થયેલ સદર ભાવપત્રક ની સમયમર્યાદા, જે પીજીવીસીએલ ના નિયમાધીન, આજદિન સુધી, વ્યાજબી ધોરણે વધારી આપવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

| | |
|---|---|
| ૧.૨ | ફરીયાદી અરજદાર શ્રી લક્ષ્મણ ભીમાભાઈ ખુંટી ને, અગાઉ તા.૧૭–૦૨–૧૧ ની, તેમના ગામઃ છત્રાવા ખાતે ના, ખેતીવાડી સર્વે નંબર : ૩૭૦ /૧/૨ મા, નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ના, નવા ૦૫ હોપા ના, ખેતીવાડી વીજજોડાણ ની, અરજી, પીજીવીસીએલ તરફથી મંજુર કરાયેલ હતી. અને તેઓ શ્રી ને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કુતીયાણા તરફથી, તા.૦૯–૦૬–૧૫ ના રોજ, રૂ.૫,૯૩૫/– ની રકમ નુ ભાવપત્રક અપાયેલ હતુ. આ ભાવપત્રક ની અંતીમ તા.૦૬–૦૭–૧૫ હતી. પરંતુ, તેઓ શ્રી એ, સરકાર શ્રી પાસેથી, ઓરીયા / ઘોરીયા ની મંજુરી માંગેલ હોય આ માંગણી, તાલુકા વિકાસ અધિકારી કચેરી ખાતે પડતર હોય, આવા કારણોસર તેઓ શ્રી એ, તેઓના મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ માટે ના, તા.૧૯–૦૬–૧૫ ના રોજ ના, ભાવપત્રક કે જેની સમયમર્યાદા તા.૦૬–૦૭–૧૫ રોજ પૂર્ણ થવામા હતી, તે અંતીમ તા. ૦૬–૦૭–૧૫ પહેલા, એટલેકે તા.૦૨–૦૭–૧૫ ના રોજ, સદર ભાવપત્રક ની સમયગાળા વધારવા ની, અરજદાર શ્રી એ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા લેખીત અરજી આપેલ હતી. સદર સમયમર્યાદા, જે તા.૦૨–૦૧–૧૬ સુધી પીજીવીસીએલ તરફથી વધારવામા આવેલ હતી. પરંતુ, સદર સમયમર્યાદા, પૂર્ણ થયા ની તેઓને, કોઈ લેખીત જાણકારી અપાયેલ ન હતી. પરંતુ, અરજદાર ના જણાવવા મુજબ, જે હેતુ માટે, એટલેકે – '' ઓરીયા / ઘોરીયા મંજુરી માટે'' તેઓ શ્રી એ, સદર ભાવપત્રક ની , ૦૬ માસ સુધી ની સમયમર્યાદા ની મંજુરી મેળવેલ હતી. તે'' ઓરીયા / ઘોરીયા મંજુરી માટે'' ની મંજુરી, તાલુકા વિકાસ અધિકારી શ્રી કુતીયાણા તરફથી, તેઓ શ્રી ને તા.૧૭–૦૨–૧૬ ના રોજ મળેલ હતી. એટલેકે, સદર ભાવપત્રક ની સમયમર્યાદા ની અંતીમ તા.૦૨–૦૧–૧૬ પછી ના, ૧૫ દિવસો બાદ, મળેલ હતી. અરજદાર શ્રી, અભણ ખેડુત હોય, સદર સમયમર્યાદા ની અંતીમ તા.૦૨–૦૧–૧૬ પહેલા, અરજદારો શ્રી ની વહીવટીય જાણકારી ના અભાવ ના કારણોસર, તેઓશ્રી એ, સદર ભાવપત્રક ની સમયમર્યાદા, અગાઉ મંજુર કરેલ ૦૬ માસ ની સમયમર્યાદા થી વિશેષ, સમયમર્યાદા ની લેખીત અરજી પીજીવીસીએલ મા રજુ થયેલ ન હોવાના કારણોસર, તેઓ શ્રી નુ, મુળ તા.૦૯–૦૬–૧૫ ના રોજ નુ ભાવપત્રક, જે પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી રદબાતલ થયેલ છે. જે હવે, ગ્રામ્ય વિસ્તાર ના, અભણ અને પીજીવીસીએલ ના નિયમો થી અજાણ એવા, અરજદાર શ્રી એ, સદર રદબાતલક કરાયેલ, ભાવપત્રક ને, ફરી એક વખત ન્યાયિક પ્રક્રીયા હેઠળ આવરી લઈ, અને ફરી એક વખત, નવેસર થી ભાવપત્રક આપવા, અથવા તો, તા.૦૨–૦૧–૧૬ ની અસરથી રદબાતલ થયેલ સદર ભાવપત્રક ની સમયમર્યાદા, જે પીજીવીસીએલ ના નિયમાધીન, આજદિન સુધી, વ્યાજબી ધોરણે વધારી આપવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૩ | ફરીયાદી અરજદાર શ્રી દેવાભાઈ કારાભાઈ ઓડેદરા ને, અગાઉ તા.૧૭–૦૨–૧૧ ની, તેમના ગામઃ છત્રાવા ખાતે ના, ખેતીવાડી સર્વે નંબર : ૩૬૬ /૨ મા, નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ના, નવા ૦૫ હોપા ના, ખેતીવાડી વીજજોડાણ ની, અરજી, પીજીવીસીએલ તરફથી મંજુર કરાયેલ હતી. અને તેઓ શ્રી ને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કુતીયાણા તરફથી, તા.૦૯–૦૬–૧૫ ના રોજ, રૂ.૫,૯૩૫/– ની રકમ નુ ભાવપત્રક નં.:૪૦૫ અપાયેલ હતુ. આ ભાવપત્રક ની અંતીમ તા.૦૬–૦૭–૧૫ હતી. પરંતુ, તેઓ શ્રી ને ખેતી ની જે તે સર્વે નંબર વાળી જમીન મા કુવો બનાવવના નો હોય, જેથી તેઓને કુવા માટે મામલતદાર ને અરજી કરવાની હોય,આવા કારણોસર તેઓ શ્રી એ, તેઓના મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ માટે ના, તા.૧૯–૦૬–૧૫ ના રોજ ના, ભાવપત્રક કે જેની સમયમર્યાદા તા.૦૬–૦૭–૧૫ રોજ પૂર્ણ થવામા હતી, આથી આ કવોટેશન ની અંતીમ તા. ૦૬–૦૭–૧૫ પહેલા, એટલેકે તા.૧૫–૦૬–૧૫ ના રોજ, સદર ભાવપત્રક ની સમયગાળા વધારવા ની, અરજદાર શ્રી એ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા લેખીત અરજી આપેલ હતી. સદર સમયમર્યાદા, જે તા.૦૨–૦૧–૧૬ સુધી પીજીવીસીએલ તરફથી વધારવામા આવેલ હતી. પરંતુ, સદર સમયમર્યાદા, પૂર્ણ થયા ની તેઓને, કોઈ લેખીત જાણકારી અપાયેલ ન હતી. પરંતુ, અરજદાર ના જણાવવા મુજબ, જે હેતુ માટે, એટલેકે – '' કુવાની મંજુરી – મામલતદાર તરફથી મેળવવા માટે '' તેઓ શ્રી એ, સદર ભાવપત્રક ની , ૦૬ માસ સુધી ની સમયમર્યાદા ની મંજુરી મેળવેલ હતી. તે'' કુવાની મંજુરી માટે'' ની મંજુરી, તાલુકા વિકાસ અધિકારી શ્રી કુતીયાણા તરફથી, તેઓ શ્રી ને તા.૧૭–૦૨–૧૬ ના રોજ મળેલ હતી. એટલેકે, સદર ભાવપત્રક ની સમયમર્યાદા ની અંતીમ તા.૦૨–૦૧–૧૬ પછી ના, ૧૫ દિવસો બાદ, મળેલ હતી. અરજદાર શ્રી, અભણ ખેડુત હોય, સદર સમયમર્યાદા ની અંતીમ તા.૦૨–૦૧–૧૬ પહેલા, અરજદારો શ્રી ની વહીવટીય જાણકારી ના અભાવ ના કારણોસર, તેઓશ્રી એ, સદર ભાવપત્રક ની સમયમર્યાદા, અગાઉ મંજુર કરેલ ૦૬ ની સમયમર્યાદા થી વિશેષ, સમયમર્યાદા ની લેખીત અરજી પીજીવીસીએલ મા રજુ થયેલ ન હોવાના કારણોસર, તેઓ શ્રી નુ, મુળ તા.૦૯–૦૬–૧૫ ના રોજ નુ ભાવપત્રક, જે પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી રદબાતલ થયેલ છે. જે હવે, ગ્રામ્ય વિસ્તાર ના, અભણ અને પીજીવીસીએલ ના નિયમો થી અજાણ એવા, અરજદાર શ્રી એ, સદર રદબાતલ કરાયેલ, ભાવપત્રક ને, ફરી એક વખત ન્યાયિક પ્રક્રીયા હેઠળ આવરી લઈ, અને ફરી એક વખત, નવેસર થી ભાવપત્રક આપવા, અથવા તો, તા.૦૨–૦૧–૧૬ ની અસરથી રદબાતલ થયેલ સદર ભાવપત્રક ની સમયમર્યાદા, જે પીજીવીસીએલ ના નિયમાધીન, આજદિન સુધી, વ્યાજબી ધોરણે વધારી આપવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–ર :** **પક્ષકાર નં. –(ર) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ર | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ર.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ થી મુદદા નં. ૧.૩ મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી મા વર્ણવેલ, સદર કુલ ૦૩ નવા ખેતીવાડી વીજ ગ્રાહકો ના, સામાન્ય યોજના હેઠળ ના, પ્રત્યેક ને જોડાણો મંજુર કરાયેલ હતા. અને પ્રત્યેક ૦૩ ને, મંજુરી અન્વયે ના ભાવપત્રકો તા.૦૯–૦૬–૧૫ ના રોજ અપાયેલ હતા. આ ભાવપત્રક ની અંતીમ સમયગાળા તા.૦૬–૦૭–૧૫ હતી. પરંતુ, સદર કુલ ૦૩ ગ્રાહકોએ, સરકાર શ્રી પાસેથી, ઓરીયા / ધોરીયા, તેમજ સીચાઈ માટે ના પાણી ના કુવાની મંજુરી માંગેલ હોય, આ માંગણી તાલુકા વિકાસ અધિકારી કચેરી ખાતે પડતર હોય, આવા કારણોસર તેઓ ૦૩ ગ્રાહકોએ, તેઓ પ્રત્યેક ને – એટલેકે કુલ ૦૩ અરજદારો ને અપાયેલ ભાવપત્રકો, કે જેની સમયમર્યાદા તા.૦૬–૦૭–૧૫ રોજ પૂર્ણ થયેલ હતી, તે અંતીમ સમયમર્યાદા તારીખ : ૦૬–૦૭–૧૫ ને બદલે, ભાવપત્રક ની મુળ તા.૦૯–૦૬–૧૫ મા, વધારાના ૦૬ માસ માટે ના સમયગાળા વધારવા ની અરજી કરેલ હતી. જેથી, સદર ૦૬ માસ ની સમયમર્યાદા પણ પીજીવીસીએલ તરફથી વધારવામા આવેલ હતી. આમ, મુળ તા.૦૯–૦૬–૧૫ ના રોજ ના ભાવપત્રકો ની સમયમર્યાદા, જે પ્રત્યેક ૦૩ અરજદારો ને, વધારી આપી, અને તે મુજબ અંતીમ તા.૦ર–૦૧–૧૬ સુધી કરાયેલ હતી. પરંતુ, સદર – ૦૬ માસ ની, મુદત વધારાયેલ તા.૦ર–૦૧–૧૬ સુધી મા, સદર ૦૩ એવા, પ્રત્યેક અરજદારો એ, સદર ભાવપત્રક ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ ન હતી. તેમજ, સદર મુદત વધારાયેલ ૦૬ માસ ની અંતીમ તારીખ : ૦ર–૦૧–૧૬ પહેલા, સદર ૦૩ એવા પ્રત્યેક અરજદારો એ, વધારાના સમયમર્યાદા ની મંજુરી મેળવવા માટે ની, પીજીવીસીએલ મા, લેખીત અરજીઓ પણ આપેલ ન હતી. આવા કારણોસર, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કુતીયાણા તરફથી, સદર ૦૩ એવા, પ્રત્યેક અરજદારો ને, પીજીવીસીએલ તરફથી, અગાઉ તા.૦૯–૦૬–૧૫ ના રોજ, પ્રતયેક અરજદારો ને આપવામ આવેલ, પ્રત્યેક ભાવપત્રક, જે આપોઆપ રદબાતલ થયેલ છે. આમ, સદર ૦૩ એવા પ્રત્યેક અરજદારો ના, પ્રત્યેક ના ભાવપત્રકો રદબાતલ થતા, સદર ૦૩ એવા, પ્રત્યેક અરજદાર શ્રી ની મુળ તા.૧૭–૦ર–૧૧ ની, પ્રત્યેક અરજદારો ની મુળ એવી, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજીઓ પણ રદબાતલ થયેલ છે. સદર કાર્યવાહી પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય થયેલ છે. આમ, સદર ૦૩ અરજદાર શ્રી ઓ ની, પ્રત્યેક ના ૦૩ એવા ભાવપત્રકો રદબાતલ થતા, અરજીઓ પણ નિયમાધીન રદબાતલ થયેલ હોય, જેથી હવે, સદર રદબાતલ થયેલ અરજી અન્વયે, સદર ૦૩ અરજદારો ને, તેમની ફોરમ સમક્ષ ની માંગણી અને વિનંતી મુજબ, રદબાતલ કરાયેલ ભાવપત્રક ની સમયમર્યાદા વધારી શકાય નહી. તેમજ, રદબાતલ થયેલ સદર ૦૩ અરજદાર શ્રીઓ ની તા.૧૭–૦ર–૧૧ની, સામાન્ય યોજના હેઠળ ની નોંધાયેલ, અને રદબાતલ થયેલ એવી મુળ અરજીઓ પણ જીવંત કરી શકાય નહી. આ બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાનો, સદર કેઈસો મા, પીજીવીસીએલ તરફથી ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ કરવામા આવે છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ થી મુદદા નં. ૧.૩ મુજબ ની વિગતે ની ફરીયાદ, અને ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને કરાયેલ મૌખીક રજુઆત, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર.૧ મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | સદર ૦૩ અરજદારો ની, પ્રત્યેક ની, પ્રત્યેક અરજદારો ની માલીકી ના, તેઓ પ્રત્યેક અરજદારો ના, તેઓના ગામ: છત્રાવા ના ખેતીવાડી સર્વે નંબરો મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણો મેળવવા માટે ની, પ્રત્યેક અરજદારો ની, અગાઉ તા.૧૭–૦ર–૧૧ ના રોજ ની, નોંધાયેલ એવી ખેતીવાડી વીજજોડાણ ની અરજીઓ, પીજીવીસીએલ તરફથી મંજુર કરાયેલ હતી. અને ૦૩ એવા પ્રત્યેક અરજદારો ને, નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી અન્વયે ના, પ્રત્યેક ૦૩ અરજદારો ને, તા.૦૯–૦૬–૧૫ ના રોજ ના ભાવપત્રકો આપવામા આવેલ હતા. પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ર.૧ મુજબ ની વિગતે, ૦૩ એવા પ્રત્યેક અરજદારો ને, મંજુરી અન્વયે અપાયેલ, સદર ૦૩ ભાવપત્રકો ની સમયમર્યાદા, જે તા.૦૬–૦૭–૧૫ ના રોજ પૂર્ણ થતી હતી, તે સમયમર્યાદા મા, ભાવપત્રકો ની તા.૦૯–૦૬–૧૫ પછી ના, વધારા ના ૦૬ માસ સુધી ની સમયમર્યાદા ઓ, જે ૦૩ એવા પ્રત્યેક અરજદારો ને, પીજીવીસીએલ તરફથી વધારી આપવામા આવેલ હતી. પરંતુ, મંજુર કરાયેલ ૦૬ માસની સમયમર્યાદા ની અંતીમ તા.૦ર–૦૧–૧૬ પહેલા, સદર – ૦૬ માસ ની, મુદત વધારાયેલ તા.૦ર–૦૧–૧૬ સુધી મા, સદર ૦૩ એવા, પ્રત્યેક અરજદારો એ, સદર ભાવપત્રક ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ ન હતી. તેમજ, સદર મુદત વધારાયેલ ૦૬ માસ ની અંતીમ તારીખ : ૦ર–૦૧–૧૬ પહેલા, સદર ૦૩ એવા પ્રત્યેક અરજદારો એ, વધારાના સમયમર્યાદા ની મંજુરી મેળવવા માટે ની, પીજીવીસીએલ મા, લેખીત અરજીઓ પણ આપેલ ન હતી. |

| | |
|---|---|
| 3.2 | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, ૦૩ એવા સદર અરજદારોએ, તેઓને મંજુર કરાયેલ સમયમર્યાદા ની અંતીમ તા.૦૨–૦૧–૧૬ પહેલા, સદર ભાવપત્રક ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ ન હતી. તેમજ, તા.૦૨–૦૧–૧૬ પહેલા, સદર ભાવપત્રક ની સમયમર્યાદા મા વિશેષ સમયગાળા નો વધારો મેળવવા માટે ની, ૦૩ એવા સદર અરજદારોએ, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કુતીયાણા મા, લેખીત અરજીઓ પણ આપેલ ન હતી. આવા કારણોસર, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કુતીયાણા તરફથી, સદર ૦૩ એવા, પ્રત્યેક અરજદારો ને, અગાઉ તા.૦૯–૦૬–૧૫ ના રોજ, પ્રત્યેક અરજદારો ને આપવામ આવેલ, પ્રત્યેક ભાવપત્રક, જે રદબાતલ કરવાની જે કાર્યવાહી કરાયેલ છે, પીજીવીસીએલ ની તે કાર્યવાહી ફોરમ કમિટી નિયમાધીન યોગ્ય ઠેરવે છે. |
| 3.3 | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, સદર ૦૩ એવા પ્રત્યેક અરજદારો ના, પ્રત્યેક ના ભાવપત્રકો, જે પીજીવીસીએલ ની નિયમાધીન અંતર્ગત ની કાર્યવાહી હેઠળ રદબાતલ થતા, સદર ૦૩ એવા, પ્રત્યેક અરજદાર શ્રી ની મુળ તા.૧૭–૦૨–૧૧ ની, પ્રત્યેક અરજદારો ની મુળ એવી, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની, અગાઉ ની તા.૧૭–૦૨–૧૧ ની મુળ એવી, નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજીઓ પણ રદબાતલ થયેલ છે. આમ, પીજીવીસીએલ પક્ષકાર ની નિયમાધીન કાર્યવાહી હેઠળ ની, સદર ૦૩ એવા પ્રત્યેક અરજદારો ની, જે મુળ તા.૧૭–૦૨–૧૧ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની, જે મુળ અરજીઓ રદબાતલ થયેલ છે, પીજીવીસીએલ ની તે કાર્યવાહી પણ, ફોરમ કમિટી નિયમાધીન યોગ્ય ઠેરવે છે. |
| 3.4 | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે, સદર ૦૩ અરજદાર શ્રી ઓ ની, પ્રત્યેક ના ૦૩ એવા ભાવપત્રકો રદબાતલ થતા, મુળ તા.૧૭–૦૨–૧૧ ની, સદર ૦૩ એવા પ્રત્યેક અરજદાર શ્રી ઓ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણો મેળવવા માટે ની, મુળ અરજીઓ, જે પીજીવીસીએલ ની નિયમાધીન કાર્યવાહી અંતર્ગત, રદબાતલ થયેલ હોય, જેથી હવે, સદર રદબાતલ થયેલ અરજીઓ અન્વયે, સદર ૦૩ અરજદારો ને, તેમની ફોરમ સમક્ષ ની મુખ્ય માંગણી અને વિનંતી મુજબ, રદબાતલ કરાયેલ ભાવપત્રક ની સમયમર્યાદા વધારી શકાય નહી. તેમજ, રદબાતલ થયેલ સદર ૦૩ અરજદાર શ્રીઓ ની તા.૧૭–૦૨–૧૧ની, સામાન્ય યોજના હેઠળ ની નોંધાયેલ, અને રદબાતલ થયેલ એવી મુળ અરજીઓ પણ જીવંત કરી શકાય નહી. પીજીવીસીએલ પક્ષકાર ની સદર પ્રકાર ની, નિયમાધીન યોગ્ય કાર્યવાહી થયેલ હોવા બાબતે ની, ફરીયાદ અરજદાર શ્રી ને જાણકારી આપવા બાબતે નો, સદર કેઈસો મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :**

## હુકમ

| | |
|---|---|
| 4.1 | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ થી ૩.૩ મુજબ ની વિગતે ની, પીજીવીસીએલ ના નિયમાધીન અંતર્ગત ની બાબતો હેઠળ ની જાણકારી, અરજદાર શ્રીઓ ને આપી, અને મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે, સદર ૦૩ અરજદાર શ્રી ની, મુળ તા.૧૭–૦૨–૧૧ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજીઓ રદબાતલ થયેલ હોય, જેથી, ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજીઓ મા કરાયેલ, સદર ૦૩ અરજદારો ની, તેઓ શ્રી ના રદબાતલ થયેલ એવા ભાવપત્રકોની સમયમર્યાદા વધારવા બાબતેની, તેમજ રદબાબતલ થયેલ એવી તા.૧૭–૦૨–૧૧ ની અરજીઓ ને જીવંત રાખવા બાબતે ની, સદર ૦૩ અરજદારો ની, માંગણી અને વિનંતી, અત્રેના ફોરમ કક્ષાએથી, ગ્રાહય રહેલ નથી. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન. એરડા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..**